## <u>અગ્રતા ક્રમ – ૧૫</u>

**માન. અધ્યક્ષશ્રી**

- માન. સભ્યશ્રી દ્વારા ઉપસ્થિત કરાયેલ જૂનાગઢ જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન – કઠોળ યોજના" પ્રશ્ન સબંધમાં વાત કરુ તો .....
- ભારત સરકારશ્રીની ૧૧મી પંચવર્ષીય યોજનાની ગાઇડ લાઇન મુજબ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન યોજના વર્ષ ૨૦૦૭–૦૮ માં કઠોળ, ઘઉં અને ડાંગરના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનમાં વધારો કરવા માટે શરૂ કરવામાં આવી.
- જેમાં કઠોળ, ઘઉં, ડાંગર ઉપરાંત બરછટ અનાજ અને રોકડીયા પાકો (કપાસ અને શેરડી) નો સમાવેશ કરવામાં આવેલ છે.
- સદર યોજનાનો વર્ષ ૨૦૧૫–૧૬ થી ભારત સરકારનો હિસ્સો ૬૦% અને રાજ્ય સરકારનો હિસ્સો ૪૦ % પ્રમાણે અમલ કરવામાં આવી રહેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

- યોજના હેઠળ ચોખા, ઘઉં, કઠોળ, શેરડી, કપાસ, બરછટ ધાન્ય અને ન્યુટ્રી સીરીયલના અમલીકરણ હેઠળના જિલ્લાઓના વાવેતર વિસ્તાર, ઉત્પાદકતા અને ઉત્પાદન વધારવું.
- યોજના હેઠળ વિવિધ ઘટકોના અમલીકરણ અંતર્ગત જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતા પુન: સ્થાપિત કરવી. કૃષિની અર્થવ્યવસ્થા સુદ્રઢ કરી ખેડૂતોમાં વિશ્વાસ પુન:સ્થાપિત કરવો.
- જેમાં ક્લસ્ટર ડેમોસ્ટ્રેશન/નિદર્શન, પ્રમાણીત બીજ વિતરણ, પ્રમાણીત બીજ ઉત્પાદન, ગૌણ અને સુક્ષ્મ તત્વો, જીપ્સમ, પાક સંરક્ષણ દવા અને બાયો એજન્ટ, ખેડૂત તાલીમ, શેરડી પાકના ટીસ્યુ કલ્ચર રોપાનું ઉત્પાદન અને વિતરણ વગેરે ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે.

સંજયભાઇ કોરડીયા (જુનાગઢ)

## અગ્રતા ક્રમ – ૧૫

**પ્રશ્ન – ૧ : નિદર્શન એટલે શું ? ચણા પાક નિદર્શનમાં કઇ કઇ ખેત સામગ્રી આપવામાં આવે છે ?**

જવાબ : **માન. અધ્યક્ષશ્રી**

- પાક ઉત્પાદન વધારવાના હેતુસર વૈજ્ઞાનિક ભલામણો મુજબની નવી સંશોધીત ખેત સામગ્રીનો ઉપયોગ કરી વધુ ખેત ઉત્પાદન મેળવવા પ્રગતિશીલ ખેડુતના ખેતર પર નિદર્શન ગોઠવવામાં આવે છે તેમજ તેને પ્રદર્શિત કરવામાં આવે છે તેને નિદર્શન કહેવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી**

**ચણા પાકના નિદર્શનમાં**

| અ.નં | ખેત સામગ્રી | |
|---|---|---|
| **૧.** | બિયારણ | ચણાના સુધારેલ જાતના બિયારણ |
| **૨.** | પ્રવાહિ જૈવિક ખાતર | રાઇઝોબિયમ<br>લિક્વીડ ફરમેન્ટેડ ઓર્ગેનીક મેન્યુઅર |
| **૩.** | **આઇ.પી.એમ.** | ટ્રાયકોડર્મા વીરડી |
| **૪.** | સેન્દ્રીય ખાતરો | સેન્દ્રીય ખાતર |

**અગ્રતા ક્રમ – ૧૫**

**પ્રશ્ન – ૨ : નેશનલ ફૂડ સિક્યોરીટી મીશન– કઠોળ યોજનાનો હેતુ શું છે ? અને ચણા પાકમાં નિદર્શન ઘટકમાં ખેડૂતોને કેટલી સહાય આપવામાં આવે છે ?**

જવાબ: **માન. અધ્યક્ષશ્રી**

**નેશનલ ફૂડ સિક્યોરીટી મીશન– કઠોળ યોજનાના હેતુની વાત કરુ તો,**

- ➢ યોજનાના અમલીકરણ હેઠળના જિલ્લાઓમાં પાકનો વાવેતર વિસ્તાર, ઉત્પાદકતા અને ઉત્પાદન વધારવું.
- ➢ યોજના હેઠળ વિવિધ ઘટકોના અમલીકરણ અંતર્ગત જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતા પુન: સ્થાપિત કરવી.
- ➢ કૃષિની અર્થવ્યવસ્થા સુદ્રઢ કરી ખેડૂતોમાં વિશ્વાસ પુન:સ્થાપિત કરવો.

**માન. અધ્યક્ષશ્રી**

- ➢ નેશનલ ફૂડ સિક્યોરીટી મીશન – કઠોળ યોજના અંતર્ગત ચણા પાકમાં નિદર્શન ઘટકમાં ખેડૂતોને કલસ્ટર નિદર્શનમાં રૂ.૯૦૦૦/હેક્ટર તેમજ ક્રોપિંગ બેઈઝ નિદર્શનમાં રૂ.૧૫૦૦૦/હેક્ટર ની સહાય વધુમાં વધુ ખાતાદીઠ એક હેક્ટર માટે નિદર્શન આપવામાં આવે છે.